RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 12 * Issue No. 72 * Date: 03.1.2026,Saturday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

# 'બલૂચિસ્તાનમાં ચીન પોતાની સેના ઉતારવાની તૈયારીમાં,એસ.જયશંકરને બલૂચ નેતાએ લખ્યો પત્ર



બલૂચિસ્તાનના પ્રભાવશાળી નેતા મીર યાર બલૂચે ભારતના વિદેશ મંત્રી એસ. જયશંકરને એક ખુલ્લો પત્ર લખીને ગંભીર આશંકા વ્યક્ત કરી છે. પહેલી જાન્યુઆરી-૨૦૨૬ના રોજ લખાયેલા આ પત્રમાં તેમણે ચેતવણી આપી છે કે, 'જો બલૂચિસ્તાનની સ્વતંત્રતા સેનાઓને નજરઅંદાજ કરાશે, તો આગામી મહિનાઓમાં ચીન અમારા ત્યાં સેના તહેનાત કરી શકે છે. આ પગલું માત્ર બલૂચિસ્તાન જ નહીં, પરંતુ ભારતની સુરક્ષા માટે પણ મોટો ખતરો સાબિત થઈ શકે છે.'

પોતાને બલૂચિસ્તાનના પ્રતિનિધિ ગણાવતા મીર યાર બલૂચે જણાવ્યું કે, ૬ કરોડ બલૂચ લોકોની ઈચ્છા વિરુદ્ધ જો ચીન સૈનિકો તહેનાત કરશે તો ભારત માટે પણ પડકારો ઉભા થઈ શકે છે. તેમણે ચીન-પાકિસ્તાન આર્થિક કોરિડોર (ઝ્રઁઈઝ્ર) અંગે ચિંતા વ્યક્ત કરતા કહ્યું કે, પાકિસ્તાન અને ચીન વચ્ચેનું ગઠબંધન હવે તેના અંતિમ અને સૌથી ખતરનાક તબક્કામાં પહોંચી ગયું છે. આ પરિસ્થિતિમાં ભારત અને બલૂચિસ્તાન વચ્ચે પરસ્પર સહયોગ અત્યંત જરૂરી છે.

બલૂચ નેતાએ ભારત-બલૂચિસ્તાન વચ્ચેના સદીઓ જૂના ઐતિહાસિક અને સાંસ્કૃતિક સંબંધોનો ઉલ્લેખ કર્યો છે અને હિંગળાજ માતાના મંદિર જેવા પવિત્ર સ્થળોને બંને પ્રદેશોની સહિયારી વિરાસત ગણાવી હતી. તેમણે મોદી સરકાર દ્વારા ચલાવવામાં આવેલા 'ઓપરેશન સિંદૂર'ની પણ ભરપૂર પ્રશંસા કરી છે. તેમણે કહ્યું કે, પહેલગામ આતંકી હુમલા બાદ પાકિસ્તાનના આતંકવાદ સામે ભારતની આ કાર્યવાહી પ્રાદેશિક સુરક્ષા પ્રત્યેની પ્રતિબદ્ધતા દર્શાવે છે.

પત્રના અંતમાં મીર યાર બલૂચે ભારત પાસે મજબૂત અને વાસ્તવિક સહયોગની માંગ કરી છે. તેમણે આશા વ્યક્ત કરી છે કે બંને મહાન રાષ્ટ્રો સાથે મળીને ચીન અને પાકિસ્તાનના આ ખતરનાક ઈરાદાઓનો સામનો કરશે.

## રાજસ્થાનના ૨૦ જિલ્લામાં માવઠું, ઉત્તરાખંડમાં પ્રથમ હિમવર્ષા





હવામાન વિભાગે આગામી ત્રણ મહિના (જાન્યુઆરીથી માર્ચ સુધી) મધ્યપ્રદેશ, છત્તીસગઢમાં સારો વરસાદ પડવાનો અંદાજ વ્યક્ત કર્યો છે. જ્યારે પંજાબ, હરિયાણા સહિત ઉત્તર-પશ્ચિમ ભારતમાં સામાન્ય કરતાં ઓછો વરસાદ થશે. મહાનિર્દેશક મૃત્યુંજય મહાપાત્રે જણાવ્યું કે બિહાર અને નોર્થ ઈસ્ટ રાજ્યોમાં આ વખતે શિયાળો લગભગ ત્રણ દિવસ વધુ રહેશે જ્યારે રાજસ્થાનમાં ઠંડી વહેલી પૂરી થવાની આશા છે.બીજી તરફ જમ્મુ-કાશ્મીરના સોનમર્ગ, પહેલગામ અને ગુલમર્ગમાં હિમવર્ષા ચાલુ છે. કાશ્મીર ઘાટીને જમ્મુ ક્ષેત્ર સાથે જોડતા મુઘલ રોડ અને સિન્થન ટોપ રોડને વાહનોની અવરજવર માટે બંધ કરી દેવામાં આવ્યા છે. શ્રીનગર-સોનમર્ગ-ગુમરી રોડ, જે કાશ્મીરને લદ્દાખના કારગિલ જિલ્લા સાથે જોડે છે. તેને પણ હાલમાં હિમવર્ષાને કારણે બંધ કરી દેવામાં આવ્યો છે.

કાશ્મીર હાલમાં ચિલ્લા-એ-કલાં (૪૦ દિવસની કડકડતી ઠંડી)ના સમયગાળામાંથી પસાર થઈ રહ્યું છે. સામાન્ય રીતે આ સમયગાળા દરમિયાન રાત્રિનું તાપમાન ઘણું નીચે જાય છે. પરંતુ આ વર્ષે મેદાની વિસ્તારોમાં હજુ સુધી બરફ પડ્યો નથી. હિમવર્ષા ફક્ત પહાડી વિસ્તારોમાં જ થઈ રહી છે.ગુરુવારે ૨૦ થી વધુ જિલ્લાઓમાં માવઠું પડ્યું, સૌથી વધુ વરસાદ બીકાનેરના શ્રીડુંગરગઢમાં ૨૬ મિમી નોંધાયો. બીકાનેરના ગ્રામીણ વિસ્તારોમાં મોડી રાત્રે લગભગ અડધા કલાક સુધી કરા પડ્યા. વરસાદને કારણે દિવસનું તાપમાન ૧૦ ડિગ્રી સુધી ગગડી ગયું. શુક્રવારે ગાઢ ધુમ્મસ માટે યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.રાજ્યના ઉત્તરીય ભાગના ૧૬ જિલ્લાઓમાં ધુમ્મસ છે. ૫ જિલ્લામાં વાદળછાયું વાતાવરણ છે. શહડોલનું કલ્યાણપુર અને હિલ સ્ટેશન પચમઢી સૌથી ઠંડા રહ્યા. અહીં પારો ૫ ડિગ્રીથી નીચે રહ્યો.

## ઇન્દોરમાં જીવલેણ બેક્ટેરિયાથી ૧૫નાં મોતઃહાઈકોર્ટમાં સરકારે કહ્યું- અત્યાર સુધીમાં માત્ર ૪નાં જ મોત



ઈન્દોરમાં ગંદા પાણીથી થયેલા મૃત્યુના કેસમાં સરકારે પોતાનો સ્ટેટસ રિપોર્ટ પણ હાઈકોર્ટમાં રજૂ કર્યો છે. થોડીવારમાં તેના પર સુનાવણી થશે. રિપોર્ટમાં જણાવાયું છે કે ગંદા પાણીથી અત્યાર સુધીમાં માત્ર ચાર મૃત્યુ થયા છે. બીજી તરફ, ૧૫ લોકોના મૃત્યુની માહિતી સામે આવી છે.આ દરમિયાન આ મામલે વધુ એક ઈન્ટરવેનર (હસ્તક્ષેપ કરનાર) ગોવિંદ સિંહ બૈસે અરજી દાખલ કરી છે. માગણી કરવામાં આવી છે કે મીડિયામાં જે કંઈ છપાઈ રહ્યું છે તેના પર પ્રતિબંધ મૂકવો જોઈએ.બીજી તરફ, રાષ્ટ્રીય માનવાધિકાર આયોગ એ આ મામલે સંજ્ઞાન લીધું છે. આયોગે મધ્યપ્રદેશ સરકારના મુખ્ય સચિવને નોટિસ પાઠવીને બે અઠવાડિયાની અંદર વિગતવાર રિપોર્ટ આપવા જણાવ્યું છે.દૂષિત પાણીથી પ્રભાવિત ૧૬ બાળકો સહિત ૨૦૧ લોકો અલગ-અલગ હોસ્પિટલોમાં દાખલ છે. તમામ ૧૫ લોકોના જીવ દૂષિત પાણીના કારણે જ ગયા છે. આની પુષ્ટિ ગુરુવારે મહાત્મા ગાંધી મેમોરિયલ મેડિકલ કોલેજના લેબ રિપોર્ટથી થઈ ગઈ.ધ્રુવ હસાનીએ કહ્યું- સેમ્પલના તપાસ રિપોર્ટમાં સ્પષ્ટપણે પુષ્ટિ થઈ છે કે દૂષિત પાણી પીવાથી જ લોકો બીમાર પડ્યા અને તેમના જીવ ગયા. કલેક્ટર શિવમ વર્માનું કહેવું છે કે ડિટેલ્ડ રિપોર્ટની રાહ જોવાઈ રહી છે. મેડિકલ કોલેજમાં કલ્ચર ટેસ્ટ પણ કરવામાં આવી રહ્યો છે. તેનો રિપોર્ટ આવ્યા પછી જ કંઈ કહેવું યોગ્ય રહેશે.તો બીજી તરફ શહેરી વિકાસ મંત્રી કૈલાશ વિજયવર્ગીયે પણ સ્વીકાર્યું કે ભાગીરથપુરાના પીવાના પાણીમાં સીવેજનું પાણી ભળવાથી સ્થિતિ વણસી છે. તેમણે કહ્યું- મને લાગે છે કે ચોકી પાસે જે લીકેજવાળી જગ્યા છે, ત્યાં જ તેની સૌથી મુખ્ય આશંકા છે.દૂષિત પાણીમાં કોલેરા જેવા ઘાતક બેક્ટેરિયા નિષ્ણાતોના મતે દૂષિત પાણી એટલે તેમાં બેક્ટેરિયા હોવા, પરંતુ કયા બેક્ટેરિયાએ અસર કરી, તેના માટે ખાસ (કલ્ચર) તપાસ થાય છે. ડ્રેનેજના પાણીમાં ઘણા પ્રકારના તત્વો હોય છે. તેમાં ટોયલેટમાંથી નીકળતો મળ-મૂત્ર, બાથરૂમમાં નહાવાનો, કપડાં ધોવાનો સાબુ, પાવડરનું પાણી પણ હોય છે.આ ઉપરાંત વાસણ ધોવાના સાબુ, પાવડર, ફ્લોર સાફ કરવાનું લિક્વિડ, કેમિકલ પણ હોય છે. આ બધો કચરો ડ્રેનેજમાં ભળી જાય છે. આવા જ વિસ્તારમાં જો કોમર્શિયલમાં કેમિકલ સંબંધિત કચરો પણ હોય તો આ બધું ભળીને ઘાતક બની જાય છે. પછી જો આ પીવાના પાણીની લાઈનમાં ભળી જાય તો વધુ ઝેરી બની જાય છે.મંત્રી કૈલાશ વિજયવર્ગીય ગુરુવારે સ્કૂટર પર સવાર થઈને ભાગીરથપુરા પહોંચ્યા. આ દરમિયાન મહિલાઓએ નારાજગી વ્યક્ત કરી. આનો વીડિયો પીસીસી ચીફ જીતુ પટવારીએ સોશિયલ મીડિયા પર પોસ્ટ કર્યો છે. વીડિયોમાં એક મહિલા કહેતી દેખાઈ રહી છે... 'છેલ્લા બે વર્ષથી ગંદુ પાણી આવી રહ્યું છે. ભાજપના કોર્પોરેટરને વારંવાર જણાવવામાં આવ્યું, પરંતુ આજ સુધી સમસ્યાનું સમાધાન થયું નથી.'મહિલા બોલી- હોસ્પિટલવાળા પૈસા માંગી રહ્યા છે ભાગીરથપુરાની નિધિ યાદવ ખોળામાં બાળક લઈને હોસ્પિટલ પાસે બેબાકળી ફરી રહી હતી. તેની સાથે નણંદ પિંકી પણ હતી.

## ચાલુ કારમાં આગ લાગતા લગ્ન માટે રાખેલી રોકડ બળીને ખાખઃ ગાંધીનગર-અડાલજ હાઈવે પરનો બનાવ, બે લોકોનો આબાદ બચાવ

ગાંધીનગરના અડાલજ કેનાલથી ગાંધીનગર મેન રોડ પર આજે ચાલતી કારમાં આગ લાગ્યાની દુર્ઘટના ઘટી હતી. વતન પાટણ જઈ રહેલા રબારી પરિવારની સ્વિફ્ટ કારમાં અચાનક આગ ભભૂકી ઉઠતા અફરાતફરી મચી ગઈ હતી. લગ્નના સામાન અને રોકડથી ભરેલી કાર જોતજોતામાં રાખ થઈ ગઈ હતી.જોકે ચાલકની સતર્કતાને કારણે બે વ્યક્તિઓનો આબાદ બચાવ થયો છે. ત્યારે ગાંધીનગર ફાયર બ્રિગેડે. સ્થળ ઉપર પહોંચીને આગ ઉપર કાબુ મેળવી લીધો હતો.મળતી વિગત મુજબ આજે પાટણના ડેર લીલાપુર ગામના વતની મયુરભાઈ રબારી તેમના







કારીગર સાથે સ્વિફ્ટ ગાડી (જીજે-૨૪-બીસી-૭૩૪૩) લઈને વતન જઈ રહ્યા હતા. મયુરભાઈના મોટાભાઈના લગ્ન હોવાથી ગાડીમાં નવા કપડાં, લગ્નની કંકોત્રીઓ અને મોટી માત્રામાં રોકડ રકમ રાખેલી હતી. ત્યારે તેમને અચાનક ચાલુ ગાડીએ પાછળના ભાગેથી જ્વાળાઓ નીકળતી દેખાઈ હતી. ગાડીમાં આગ લાગી હોવાનું જણાતા જ મયુરભાઈએ સમયસૂચકતા વાપરી કારને તુરંત રોડની સાઈડમાં ઉભી રાખી દીધી હતી. અને બંને વ્યક્તિઓ કારમાંથી નીચે ઉતરી ગયા હતા અને આસપાસથી માટી નાખી આગ બુઝાવવાનો પ્રયાસ કર્યો હતોપરંતુ આગે જોતજોતામાં વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું અને આખી કારને લપેટમાં લઈ લીધી હતી. આ ઘટનાની જાણ થતા જ સેક્ટર-૧૭ ફાયર સ્ટેશન દ્વારા સરગાસણ ફાયર સ્ટેશનને મેસેજ આપવામાં આવ્યો હતો. ફાયરની ટીમ ઘટના સ્થળે રવાના થઈ હતી અને ગણતરીની મિનિટોમાં આગ પર કાબૂ મેળવ્યો હતો. જોકે ત્યાં સુધીમાં ગાડી અને તેમાં રહેલો લગ્નનો કિંમતી સામાન બળીને ખાખ થઈ ગયો હતો.ઉલ્લેખનીય છેકે મહેશભાઈ મોહનભાઈ રબારીની માલિકીની આ કારમાં લગ્ન માટેની તમામ તૈયારીઓનો સામાન હતો. એક તરફ પરિવારમાં લગ્નનો પ્રસંગ છે ત્યારે બીજી તરફ આ આગમાં પરિવારને મોટું આર્થિક નુકસાન થયુંછે. પ્રાથમિક અનુમાન મુજબ શોર્ટ સર્કિટના કારણે આગ લાગી હોવાનું મનાય છે.

## લગ્નની લાલચ આપી મહિલાનું શારીરિક શોષણઃઆરોપી વિરુદ્ધ વડાલી પોલીસ સ્ટેશનમાં લેખિતમાં અરજી

વડાલી તાલુકામાં લગ્નની લાલચ આપી એક મહિલાનું શારીરિક શોષણ કરી તેને તરછોડી દેવાનો કિસ્સો સામે આવ્યો છે. આ મામલે ઉમતા ગામના રાહુલજી ઠાકોર વિરુદ્ધ વડાલી પોલીસ સ્ટેશનમાં લેખિત અરજી આપવામાં આવી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, આશરે એક વર્ષ પૂર્વે વડાલી તાલુકાની આ મહિલાનો સંપર્ક ઉમતા ગામના રાહુલજી બાદરજી ઠાકોર સાથે થયો હતો. રાહુલજીએ મહિલાને લગ્નની લાલચ આપી પોતાની પ્રેમજાળમાં ફસાવી હતી.

આરોપી રાહુલજી મહિલાને વિસનગર અને વડનગરની જુદી-જુદી હોટલોમાં લઈ ગયો હતો. ત્યાં તેણે અનેકવાર મહિલા સાથે શારીરિક સંબંધો બાંધ્યા હતા.સમય જતાં,





આરોપી રાહુલજીએ મહિલાનો ઘરવખરીનો સામાન ટેમ્પામાં ભરી તેના પિયર મોકલી આપ્યો હતો અને તેને તરછોડી દીધી હતી.જ્યારે પીડિતાએ રાહુલજી પર લગ્ન માટે દબાણ કર્યું, ત્યારે તેણે સ્પષ્ટ ઈનકાર કર્યો હતો. આરોપીએ મહિલાને જણાવ્યું હતું કે, ×તારી સાથે મારે કોઈ લગ્ન કરવાના નથી, મેં તો માત્ર તારો ઉપયોગ જ કર્યો છે.×તાજેતરમાં, આરોપીએ ફોન પર ધમકી આપતા કહ્યું હતું કે, ×તારાથી થાય તે કરી લેજે, હું લગ્ન કરવાનો નથી.× આ છેતરપિંડી અને અત્યાચાર સામે પીડિત મહિલાએ કાયદેસરની કાર્યવાહી માટે વડાલી પોલીસ સ્ટેશનમાં અરજી કરી છે.

## તંત્રી સ્થાનેથી..

### સરકારને બખંબખાં : ડિસેમ્બરમાં રૂ.૧.૭૫ લાખ કરોડ GST

નવી દિલ્હી : ૨૦૨૬ના પહેલા જ મહિનામાં સરકારની તિજોરી છલકાઈ ગઈ છે. ડિસેમ્બરમાં દેશનું કુલ જીએસટી કલેકશન ૬.૧ ટકા વધીને રૂ. ૧.૭૪ લાખ કરોડ થયું છે. આમ તેમા ગયા મહિનાની તુલનાએ ૬.૧ ટકાનો વધારો થયો છે. આ વધારો ટેક્સ કટના લીધે સ્થાનિક વ્યવહારોમાંથી થતી આવકમાં ઘટાડો થયો હોવા છતાં થયો છે. ગયા વર્ષના સમાન સમયગાળા ડિસેમ્બર ૨૦૨૪માં કુલ જીએસટી કલેકશન રૂ. ૧.૬૪ લાખ કરોડ થયું હતું. બીજી બાજુ કોમર્શિયલ એલપીજીના સિલિન્ડરનાં ભાવમાં ૧૧૧ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે. સરકારી માલિકીની ઓઈલ માર્કેટિંગ કંપનીઓએ વૈશ્વિક સ્તરે ઈંધણનાં ભાવને ધ્યાનમાં રાખી માસિક મૂલ્ય સંશોધનને અમલમાં મૂક્યો છે. જ્યારે એવિએશન ટર્બાઈન ફ્યુઅલ (એટીએફ) એટલે કે વિમાન ઈંધણના ભાવમાં આજે ૭.૩ ટકાનો ઘટાડો કરવામાં આવ્યો છે .

જીએસટીમાં નોંધપાત્ર ઘટાડો અમલી આવ્યાના પ્રથમ મહિના નવેમ્બર ૨૦૨૫માં જીએસટી કલેકશન રૂ. ૧.૭૦ લાખ કરોડ રહ્યુ હતુ. ડિસેમ્બર ૨૦૨૫ દરમિયાન સ્થાનિક વ્યવહારોથી કુલ આવક ૧.૨ ટકા વધીને રૂ. ૧.૨૨ લાખ કરોડથી વધારે થઈ હતી. જ્યારે આયાતી માલસામગ્રીનું મૂલ્ય ૧૯.૭ ટકા વધી રૂ. ૫૧,૯૭૭ કરોડ થયું હતું. આના કારણે કુલ જીએસટી આવક રૂ. ૧.૭૪ લાખ કરોડ થઈ હતી. રિફંડ ૩૧ ટકા વધીને ડિસેમ્બરમાં રૂ. ૨૮,૯૮૦ કરોડ થયા હતા. જ્યારે ચોખ્ખું જીએસટી કલેકશન વાર્ષિક ધોરણે બે ટકા વધી રૂ. ૧.૪૫ લાખ કરોડ થયું હતું. કેન્દ્રે ૨૨ સપ્ટેમ્બર ૨૦૨૫ના રોજ ૩૭૫ ચીજવસ્તુઓ પર જીએસટીમાં ઘટાડો કર્યો હતો. તેના કારણે માલસામગ્રી વધુ સસ્તી થઈ હતી. સરકારે જીએસટી રેટને પણ રેશનલાઈઝ્ડ કરતાં ફક્ત બે જ દર પાંચ અને ૧૮ ટકાનો સ્લેબ જ રાખ્યો છે.

# બાંગ્લાદેશ કોઈ દુશ્મન દેશ નથી, મુસ્તાફિઝુર IPLમાં રમશે

નવી દિલ્હી,

ભારત અને બાંગ્લાદેશ વચ્ચે બગડતા રાજદ્વારી સંબંધો છતાં, ફાસ્ટ બોલર મુસ્તફિઝુર રહેમાનના ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL) ૨૦૨૬માં કોલકાતા નાઈટ રાઈડર્સ (KKR) માટે રમવાની સંભાવના યથાવત્ છે. ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI) એ હાલમાં બાંગ્લાદેશી ખેલાડીઓ પર પ્રતિબંધ લગાવવાનો ઈનકાર કરતાં વેઈટ એન્ડ વૉચ ની નીતિ અપનાવી છે અને આ મામલે સરકારના નિર્દેશોની રાહ જોઈ રહ્યું છે.

IPL 2026ની મિની-ઓક્શનમાં વેચાનારા મુસ્તફિઝુર રહેમાન એકમાત્ર બાંગ્લાદેશી ખેલાડી હતો. તેને કોલકાતા નાઈટ રાઈડર્સે રૂ.૯.૨૦ કરોડની મોટી રકમમાં ખરીદ્યો હતો. જોકે, આ ખરીદી બાદ KKRને સોશિયલ મીડિયા પર આકરી ટીકાનો સામનો કરવો પડી રહ્યો છે. ચાહકો અને કેટલાક રાજકીય નેતાઓએ બાંગ્લાદેશમાં પ્રવર્તમાન રાજકીય અસ્થિરતા અને ભારત વિરોધી ભાવનાઓને કારણે બાંગ્લાદેશી ખેલાડીઓના IPLમાં રમવા પર સવાલ ઉઠાવ્યા છે. BCCIએ સ્પષ્ટ કર્યું છે કે તે ભારત સરકારના આદેશ વિના બાંગ્લાદેશી ખેલાડીઓ પર કોઈ પ્રતિબંધ નહીં લગાવે. BCCIના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે, "સ્થિતિ સંવેદનશીલ છે. અમે સતત સરકારના સંપર્કમાં છીએ. હાલમાં એવું કંઈ નથી કે જેનાથી બાંગ્લાદેશી ખેલાડીઓ પર પ્રતિબંધ લગાવવામાં આવે. મુસ્તફિઝુર IPL રમશે. બાંગ્લાદેશ કોઈ દુશ્મન દેશ નથી. ઉલ્લેખનીય છે કે ગયા વર્ષે ઓગસ્ટ ૨૦૨૪માં શેખ હસીનાની સરકાર પડ્યા બાદ બાંગ્લાદેશમાં રાજકીય અસ્થિરતા વધી છે. ડિસેમ્બરમાં ઢાકામાં ભારતીય દૂતાવાસની બહાર




થયેલા વિરોધ પ્રદર્શનો બાદ ભારતે પોતાનું વિઝા સેન્ટર બંધ કરી દીધું હતું, જેના જવાબમાં બાંગ્લાદેશે પણ ભારતીય નાગરિકોને વિઝા આપવાનું બંધ કરી દીધું હતું. જોકે, મુસ્તફિઝુરની ઉપલબ્ધતા સંપૂર્ણપણે નિશ્ચિત નથી. એપ્રિલ મહિનામાં બાંગ્લાદેશે ન્યૂઝીલેન્ડ સામે વનડે અને T20 સિરીઝ રમવાની છે. જો બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડ (BCB) મુસ્તફિઝુરને નો ઓબ્જેક્શન સર્ટિફિકેટ (NOC) નહીં આપે, તો તે IPL ૨૦૨૬ની ઘણી મેચો ચૂકી શકે છે. વર્તમાન રાજકીય માહોલને જોતા એ પણ શક્ય છે કે BCB એનઓસી આપવાનો ઈનકાર કરી દે અથવા મુસ્તફિઝુર પોતે જ ટૂર્નામેન્ટમાંથી ખસી જવાનો નિર્ણય લે.

જોકે, વિઝા મોટી સમસ્યા નહીં બને તેવી શક્યતા છે. IPL પહેલા ૨૦ વર્લ્ડ કપ રમાવાનો છે, જેમાં બાંગ્લાદેશની ટીમ પણ ભાગ લેશે. મ્ઝ્ઝૈંના અધિકારીના જણાવ્યા મુજબ, મુસ્તફિઝુર T20 વર્લ્ડ કપ માટે વિઝા અરજી કરશે, જેને IPL માટે લંબાવવામાં આવશે. તાજેતરમાં બાંગ્લાદેશમાં ત્રણ હિન્દુઓની મોબ લિંચિંગની ઘટના બાદ IPLમાંથી બાંગ્લાદેશી ખેલાડીઓને બહાર કરવાની માંગ વધુ તીવ્ર બની છે. IPL 2025ની હરાજીમાં કોઈપણ ફ્રેન્ચાઈઝીએ બાંગ્લાદેશી ખેલાડીઓ પર બોલી લગાવી ન હતી, પરંતુ આ વખતે KKR દ્વારા મુસ્તફિઝુર પર કરોડો રૂપિયા ખર્ચ કરવામાં આવ્યા છે, જેનાથી તે IPL ઈતિહાસનો સૌથી મોંઘો બાંગ્લાદેશી ખેલાડી બની ગયો છે.

# યાત્રાધામ અંબાજી ખાતે પોષસુદ અમદાવાદ ના જય ભોલે ગ્રુપ દ્વારા માતાજીને રૂ.૪૩,૫૧,૦૦૦ સુવર્ણમય અને રત્નોજડિત મુગુટ અર્પણ કરાયો

બનાસકાંઠા જીલ્લા કલેકટર અને અધ્યક્ષ શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ, અંબાજી મિહિર પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં જય ભોલેગ્રુપના દિપેશભાઈ પટેલ દ્વારા મંદિર ટ્રસ્ટને દિવ્ય અને ભવ્ય સોનાનો મુગુટ ભેટ ધરવામાં આવ્યો છે. યાત્રાધામ અંબાજી કરોડો માઈ ભક્તોની આસ્થાનું કેન્દ્ર છે. ૫૧ શકિતપીઠ પૈકી હદયસ્થ શક્તિપીઠ તરીકે સુપ્રસિદ્ધ છે. અંબાજી મંદિરના ભટ્ટજી મહારાજ દ્વારા સૂચવ્યા મુજબ માતાજીના શૃંગાર માટે સુવર્ણજડીત મુગુટનો શાશ્રોક્ત અને વેદોક્ત રીતે અભ્યાસ કરવામાં આવેલ. ભારતીય સંસ્કૃતિની ધરોહરયુક્ત ગાથા સમગ્ર વિશ્વમાં આપણને સૌને ગૌરવ પ્રાપ્ત કરાવે છે. વૈદિક શાસ્ત્રોમાં મા જગદંબાના શૃંગારનું અલૌકીક વર્ણન આપના શાસ્ત્રોમાં થયેલ છે. શ્રી શારદાપીઠ શૃંગેરી મઠના શંકરાચાર્ય શ્રી વિધુશેખર ભારતી મહાસ્વામીજીના આશીર્વાદ અને માર્ગદર્શન હેઠળ શ્રીવિદ્યામાં વર્ણિત સૂર્ય તથા તેના ૨૦ કિરણો, આઠમનો ચંદ્ર, મોરપીછ, સહસ્ત્ર કમળ, ૧૬ નિત્યા, સપ્ત





માતૃકા, ૧૦ મહાવીદ્યાના સંકેતોનો રત્નોજડીત મુગુટ બનાવવામાં આવેલ છે. શંકરાચાર્યશ્રી દ્વારા આશીર્વાદ મેળવીને આજ રોજ આ સુવર્ણમય મુગુટની ભેટ આપવામાં આવેલ છે.

આવતી કાલે મા જગદંબાના પ્રાગટ્યોત્સવની ખુબ જ ધામધૂમથી ઉજવણી કરવામાં આવનાર છે. અંબાજી મંદિરના ભટ્ટજી મહારાજની પ્રેરણાથી જય ભોલે ગ્રુપ અમદાવાદ દ્વારા માતાજીનો સુવર્ણ અને રત્નજડીત મુગુટ બનાવવાનો નિર્ધાર કરવામાં આવેલ. લગભગ ૩ મહિના જેટલો સમય આ મુગુટ બનાવવામાં થયેલ છે. પ્રાચીન સમયમાં ઉપયોગમાં લેવાતી મીના કારીગરી, રત્નોનો ઉપયોગ કરી માં જગદંબાના આશીર્વાદથી બનેલ આ દિવ્ય અને ભવ્ય મુગુટ ભેટમાં પ્રાપ્ત થતા અંબાજી મંદિર ટ્રસ્ટના વહીવટદાર અને અધિક કલેક્ટર કૌશિક મોદીએ આભાર વ્યક્ત કર્યો હોવાનું જણાવેલ છે.

# જાપાનના નોડા ક્ષેત્રમાં ૬ ની તીવ્રતાનો ભૂકંપ

નોડા,

યુનાઈટેડ સ્ટેટ્સ જીઓલોજિકલ સર્વે (જીય્જી) અનુસાર, જાપાનના નોડા પ્રદેશ નજીક દરિયા કિનારે ૬.૦ ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો. ભૂકંપ ૧૯.૩ કિલોમીટરની ઊંડાઈએ આવ્યો હતો, જેના કારણે જમીન પર તેની અસર ઓછી થઈ હતી.

અધિકારીઓએ જણાવ્યું હતું કે જાનમાલના નુકસાનના કોઈ તાત્કાલિક અહેવાલ નથી. જાપાની સત્તાવાળાઓ કોઈપણ સંભવિત અસરોનું મૂલ્યાંકન કરવા માટે પરિસ્થિતિનું નજીકથી નિરીક્ષણ કરી રહ્યા છે. હાલમાં, સુનામીની કોઈ ચેતવણી જારી કરવામાં આવી નથી, અને દરિયાકાંઠાના વિસ્તારોમાં સામાન્ય સ્થિતિ ચાલુ છે.

૮ ડિસેમ્બરના રોજ દરિયા કિનારે ૭.૫ ની તીવ્રતાના શક્તિશાળી ભૂકંપના થોડા અઠવાડિયા પછી, નવીનતમ ભૂકંપ આવ્યો છે, જેમાં ઓછામાં ઓછા ૩૦ લોકો ઘાયલ થયા હતા અને લગભગ ૯૦,૦૦૦ રહેવાસીઓને સ્થળાંતર કરવાની ફરજ પડી હતી. તે ભૂકંપ પછી, જાપાન હવામાન એજન્સી (ત્નસ્છ) એ હોક્કાઈડો, આઓમોરી અને ઈવાટે સહિત ઉત્તરપૂર્વીય દરિયા કિનારાના ભાગો માટે સુનામી ચેતવણી જારી કરી હતી. ઘણા બંદરો પર ૨૦ થી ૭૦ સેન્ટિમીટરના સુનામી મોજા નોંધાયા હતા.

જાપાનમાં ભૂકંપનું જોખમ વધારે છે

જાપાન વિશ્વના સૌથી વધુ ભૂકંપગ્રસ્ત દેશોમાંનો એક છે, જે પેસિફિક ×રિંગ ઓફ ફાયર× પર સ્થિત હોવાને કારણે વારંવાર ધ્રુજારી અનુભવે છે. વિશ્વભરમાં ૬.૦ કે તેથી વધુ તીવ્રતાના લગભગ ૨૦ ટકા ભૂકંપ જાપાનમાં અથવા તેની આસપાસ આવે છે.જાપાન વિશ્વના સૌથી વધુ ભૂકંપગ્રસ્ત દેશોમાંનો એક છે, જે પેસિફિક ×રિંગ ઓફ ફાયર× પર સ્થિત હોવાને કારણે વારંવાર ધ્રુજારી અનુભવે છે. વિશ્વભરમાં ૬.૦ કે તેથી વધુ તીવ્રતાના લગભગ ૨૦ ટકા ભૂકંપ જાપાનમાં અથવા તેની આસપાસ આવે છે.

દેશના ઉત્તરપૂર્વીય ક્ષેત્રમાં ઈતિહાસના કેટલાક સૌથી ભયંકર ભૂકંપ આવ્યા છે. ૧૧ માર્ચ, ૨૦૧૧ ના રોજ, સેન્ડાઈ નજીક દરિયાકાંઠે ૯.૦ ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો, જેના કારણે વિનાશક સુનામી આવી હતી. આ દુર્ઘટનામાં લગભગ ૨૦,૦૦૦ લોકો માર્યા ગયા હતા અને વ્યાપક વિનાશ થયો હતો, જેના કારણે તે જાપાનમાં અત્યાર સુધીનો સૌથી મજબૂત ભૂકંપ બન્યો હતો.

તાઈવાનમાં ભૂકંપ

દેશના સેન્ટ્રલ વેધર બ્યુરો અનુસાર, શનિવારે તાઈવાનમાં રિક્ટર સ્કેલ પર ૭.૦ની તીવ્રતાનો શક્તિશાળી ભૂકંપ આવ્યો હતો. સ્થાનિક સમય મુજબ રાત્રે ૧૧:૦૫ વાગ્યે ઉત્તરપૂર્વીય દરિયાકાંઠાના શહેર યિલાનમાં ભૂકંપ આવ્યો હતો, જેનું કેન્દ્રબિંદુ યિલાન કાઉન્ટી હોલથી ૩૨.૩ કિમી પૂર્વમાં હતું. ભૂકંપનું કેન્દ્રબિંદુ ૨૪.૬૯દ્ધ, ૧૨૨.૦૮ઈ પર ૭૨.૮ કિમી (૪૫ માઈલ) ઊંડાઈ સાથે સ્થિત હતું.

રાજધાની તાઈપેઈ સહિત સમગ્ર ટાપુ પર ભૂકંપના આંચકા અનુભવાયા હતા, જ્યાં ભૂકંપના જોરથી



ઈમારતો ધ્રુજી ઉઠી હતી. તાઈવાનની રાષ્ટ્રીય અગ્નિશામક એજન્સીએ અહેવાલ આપ્યો છે કે સંભવિત નુકસાનનું મૂલ્યાંકન હાલમાં ચાલી રહ્યું છે.

### યુક્રેનનો રશિયા પર ભયાનક હુમલો!

# રશિયાએ યુક્રેન પર નવા વર્ષના ડ્રોન હુમલામાં ૨૪ લોકોના મોતનો આરોપ લગાવ્યો

મોસ્કો,

રશિયાએ ગુરુવારે યુક્રેન પર આરોપ લગાવ્યો કે યુક્રેનના દક્ષિણ ખેરસન પ્રદેશના રશિયા-નિયંત્રિત ભાગમાં નવા વર્ષની ઉજવણી કરી રહેલા એક હોટલ અને કાફે પર ડ્રોન હુમલામાં એક બાળક સહિત ઓછામાં ઓછા ૨૪ લોકો માર્યા ગયા.

યુક્રેનની સેના, જેણે રશિયા પર યુક્રેનિયન શહેરો પર પોતાના હુમલામાં ઘણા નાગરિકોની હત્યા કરવાનો આરોપ લગાવ્યો છે, તેણે ટિપ્પણી માટે ઈમેઈલ કરેલી વિનંતીનો તાત્કાલિક જવાબ આપ્યો ન હતો.

પ્રદેશના રશિયા-સ્થાપિત ગવર્નર વ્લાદિમીર સાલ્ડોએ સૌપ્રથમ એક નિવેદનમાં આ હુમલા અંગે આરોપ લગાવ્યો હતો. રશિયાના વિદેશ મંત્રાલય અને વરિષ્ઠ રશિયન રાજકારણીઓએ બાદમાં યુક્રેન પર ×આતંકવાદી હુમલો× કરવાનો આરોપ લગાવ્યો હતો.

મીડયા સુત્રો સાલ્ડોની પ્રેસ સર્વિસે જે કહ્યું તે હુમલા પછીની ઘટના અથવા આરોપના ફોટોગ્રાફ્સ તાત્કાલિક ચકાસી શક્યા નહીં. સફેદ ચાદર નીચે છબીઓમાં ઓછામાં ઓછું એક મૃત શરીર દેખાતું હતું. ઈમારતમાં ભીષણ આગ લાગી હોવાના સંકેતો દેખાતા હતા અને જમીન પર લોહીના ડાઘ જેવા દેખાતા હતા. સાલ્ડોએ તેમના નિવેદનમાં જણાવ્યું હતું કે ત્રણ યુક્રેનિયન ડ્રોન દરિયાકાંઠાના ગામ ખોર્લીમાં નવા વર્ષની ઉજવણીના સ્થળે હુમલો કર્યો હતો, જે તેમણે નાગરિકો પર ×ઈરાદાપૂર્વકનો હુમલો× હોવાનું કહ્યું હતું. તેમણે કહ્યું હતું કે ઘણા લોકોને જીવતા સળગાવી દેવામાં આવ્યા હતા. રશિયાના વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે પ્રારંભિક માહિતી દર્શાવે છે કે એક બાળક સહિત ૨૪ લોકો માર્યા ગયા હતા અને ૫૦ લોકો ઘાયલ થયા હતા, જેમાં છ સગીરોનો પણ સમાવેશ થાય છે જેમને હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી રહી હતી. ×એમાં કોઈ શંકા નથી કે હુમલો અગાઉથી આયોજનબદ્ધ હતો, ડ્રોન ઈરાદાપૂર્વક એવા વિસ્તારોને નિશાન બનાવતા હતા જયાં નાગરિકો નવા વર્ષની પૂર્વ સંધ્યાની ઉજવણી માટે ભેગા થયા હતા,× મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, હુમલાને ×યુદ્ધ ગુનો× ગણાવ્યો હતો. રશિયાની સુરક્ષા પરિષદના ઉપાધ્યક્ષ દિમિત્રી મેદવેદેવે ૃછજીજી રાજય સમાચાર એજન્સીને જણાવ્યું હતું કે મોસ્કો યુદ્ધના મેદાનમાં તેનો બદલો લેશે અને કહ્યું હતું કે હુમલો કરનારાઓ અને તેમના કમાન્ડરોને નિશાન બનાવવા જોઈએ.

રશિયન વિદેશ મંત્રાલયના પ્રવક્તા મારિયા ઝાખારોવાએ ટેલિગ્રામ પર એક નિવેદનમાં જણાવ્યું હતું કે પશ્ચિમમાં યુક્રેનના સમર્થકો આખરે દોષિત છે. રશિયાની સંસદના બંને ગૃહોના સ્પીકરો સહિત વરિષ્ઠ રાજકારણીઓએ કિવની નિંદા કરી.

# તણાવ વધતાં અમેરિકાએ વેનેઝુએલાની તેલ કંપનીઓ પર વધુ પ્રતિબંધો લાદ્યા

વોશિંગટન,

અમેરિકન રાષ્ટ્રપ્રમુખ ટ્રમ્પના વહીવટીતંત્ર દ્વારા એક પ્રકાશનમાં જણાવ્યું હતું કે, યુનાઈટેડ સ્ટેટ્સ (યુએસ) એ વેનેઝુએલા પર તેના તેલ ક્ષેત્રને અલગ પાડવાના હેતુથી પ્રતિબંધો લાદવાનો નિર્ણય લીધો છે. એક સત્તાવાર પ્રકાશનમાં, તેણે કહ્યું કે આ પ્રતિબંધો ચાર કંપનીઓ અને તેમના તેલ ટેક્કરો પર લક્ષિત છે, જેમના પર વેનેઝુએલાના તેલના પરિવહનનો આરોપ છે. ×રાષ્ટ્રપતિ ટ્રમ્પ સ્પષ્ટ રહ્યા છે:



જયારે અમેરિકામાં ઘાતક દવાઓનો ભરાવો થઈ રહ્યો છે ત્યારે અમે ગેરકાયદેસર માદુરો શાસનને તેલ નિકાસ કરીને નફો મેળવવાની મંજૂરી આપીશું નહીં,× ટ્રેઝરી સેક્રેટરી સ્કોટ બેસેંટે એક પ્રકાશનમાં જણાવ્યું હતું. ×ટ્રેઝરી વિભાગ માદુરોના શાસન પર દબાણ લાવવાના રાષ્ટ્રપતિ ટ્રમ્પના અભિયાનને અમલમાં મૂકવાનું ચાલુ રાખશે.×

રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે વેનેઝુએલાના રાષ્ટ્રપતિ નિકોલસ માદુરોના શાસન પર 'નાર્કો-આતંકવાદી' સરકાર હોવાનો આરોપ લગાવ્યો છે જે અમેરિકાને અસ્થિર કરવાનો પ્રયાસ કરી રહી છે. ટ્રમ્પ વહીવટીતંત્રનો દાવો છે કે વેનેઝુએલાના તેલનું પરિવહન કરતા જહાજો માદુરો અને તેમના શાસનને નાણાકીય સંસાધનો પૂરા પાડી રહ્યા છે. ×માદુરોનું શાસન પ્રતિબંધો ટાળવા સહિતની પ્રતિબંધિત પ્રવૃત્તિઓને સરળ બનાવવા અને તેના અસ્થિર કામગીરી માટે આવક ઉત્પન્ન કરવા માટે વિશ્વભરના જહાજોના છાયા કાફલા પર વધુને વધુ આધાર રાખે છે. આજની કાર્યવાહી એ સંકેત આપે છે કે વેનેઝુએલાના તેલ વેપારમાં સામેલ લોકો હજુ પણ નોંધપાત્ર પ્રતિબંધોના જોખમોનો સામનો કરી રહ્યા છે,× રિલીઝમાં લખ્યું હતું.

ટ્રમ્પના મતે, માદુરોએ સત્તા છોડી દેવી જોઈએ, તેમના શાસન પર અમેરિકા સાથે 'ભયંકર કાર્યો' કરવાનો આરોપ લગાવતા. ગયા મહિને, એવા અહેવાલો પણ બહાર આવ્યા હતા કે ૭૯ વર્ષીય રિપબ્લિકન નેતાએ માદુરોને સત્તા છોડી દેવા માટે અલ્ટીમેટમ આપ્યું હતું, પરંતુ વેનેઝુએલાના અધિકારીઓએ તેનો ઈનકાર કર્યો હતો. ×સારું, મને લાગે છે કે તે કદાચ કરશે,× ટ્રમ્પે કહ્યું હતું. ×કહી શકાતું નથી. તે તેમના પર નિર્ભર છે કે તેઓ શું કરવા માંગે છે. મને લાગે છે કે તે તેમના માટે બુદ્ધિશાળી રહેશે. ફરીથી, આપણે શોધી કાઢીશું.× ×અમારી ખુલ્લી સરહદમાં લાખો લોકોને, લાખો લોકોને ઘુસાડ્યા. તેમણે તેમના ગુનેગારોને, કેદીઓને, ડ્રગ ડીલરોને, માનસિક રીતે પાગલ અને અસમર્થ લોકોને આપણા દેશમાં મોકલ્યા, જે બીજા કોઈ પણ દેશ કરતાં વધુ છે,× તેમણે ઉમેર્યું.

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા-
## આયોજક : પ્રદીપ રાવલ




**NOG SS NO - 162**
વિષય- દીકરી અને બદલાતો સમાજ
શીષૅક- ઈતિહાસ ગવા હે
પ્રકાર- ગધ, શબ્દ- ૧૬૦

દીકરી તો પારકી થાપણ કહેવાય દીકરી ને ગાય દોરે ત્યાં જાય
દીકરી તો પારકી થાપણ કહેવાય
હવે તેના જેવું કંઈ રહ્યું નથી હવે
૨૧, મી સદી. ૨૫ ,વર્ષની થઈ વાત ગઈ બાત ગઈ સમય બળવાન છે
દીકરી નો જન્મ એટલે લક્ષ્મી નો અવતાર બાપનો આંખનો તારો અને મા ની દિલની ધડકન
લાડ પ્યાર ને પરિયો ની રાણી
વિધાતાનું તુ છે સુંદર સર્જૅન ભૅંયા છે તારામાં લાગણી કેરો રંગ
મોકલી જગતમાં તને લક્ષ્મી કેરું
આપ્યું ઉપનામ ભાર નથી કોઈ ઘરનો તું તો છે ઘરનું અમુલય રતન કહેવાય જે દાન મા દાન મોટુ
સુખ મા ઉછરેલી દીકરી ભણીગણીને ઉંમર લાયક હોય ત્યારે મુરતિયા ગોતવા વાત ચાલે પરંતુ
કેટકેટલા અરમાન ને કેટલા ઓરતા
અને ખ્વાબો સાથે સાસરે તો સીધાવે છે પણ સૌ સાથે ભળતા અનુકૂળ થતા સમય લાગે
પહેલા ના જમાના મા આવુ કંઈ હતું નહિ સાસરુ એજ તમારું ઘર તેમા જ તમારે એકજસ્ટ થવાનું લાડ પ્યાર ભૂલી જવાના અને હવે તો ઘરના લોકો ને બદલવાનું બાકી વહુ કંઈ બદલતી નથી તેને ફાવે તેમ રહેવા નું પસંદ કરે છે
રાજા જનકની દીકરી સીતા ના રાજા ના કુંવર સાથે વિવાહ કર્યા પરંતુ નસીબ
ની બલિહારી જુવો ધરતી મા સમાવાનો સમય આવી ગયો
લાકડી બનીને પિતા ની તોફાન પણ કરતી પછી કોઈ ની વહુ બની કેવી ગંભીરતા તું ધરતી લગ્ન ની એક જ રસમમાં તું કેટલી બદલાતી હે દીકરી તું ક્યાં કોઈ ને સમજાણી..

રેખા રસિક નાકરાણી (મુંબઈ)
★★★★★ઃ

**NOG-Ss NO-403**
પ્રકાર-ગદ્ય સંખ્યા-૩૫૦
શિર્ષક-દીકરી વહાલનો દરીયો
ચૌલા મારી વહાલી દીકરી. એ જન્મી ત્યારે એટલી નાજુક અને કોમળ અને શરમાળ હતી કે જેવો તેને સ્પર્શ કરીએ કે તે સંકોચાઇ જતી.બધા તેને 'લજામણીનો છોડ' કહેતા. મારો દિકરો તેનાથી મોટો એ તેની સાથે તોફાન મસ્તી કરે તો હું તેને કહેતી કે 'ચૌલા પારીજાતનુ ફુલ' છે.તેને હેરાન નહીં કરતો. નાજુક હતી પણ મજબુત મનોબળ હતુ.

તે પાંચ વર્ષની હતી ત્યારે ખબર પડી તેને હાર્ટમાં કાણુ(એએસડી) છે.સ્વાભાવિક છેકે ઘરમાં આ બાબતની ચર્ચા સતત થયા કરતી.ચર્ચા ચાલતી હોય ત્યારે બાજુમાં ઢીંગલી સાથે રમ્યા કરતી.તેને બોમ્બે હોસ્પિટલ માં ઓપરેશન પછી પાંચ દિવસ આઈસીયુ માં રાખવી પડેલી.

અમે જ્યારે આઈસીયુ માં મળવા જઈએ ત્યારે મીઠુ મધુર સ્મિત આપતી.ઘરે આવીને કહ્યુ કે હોસ્પિટલ ની નર્સ બહુ કડક સ્વભાવ ની ગુસ્સાવાળી હતી.

નાની હતી ત્યારથી સમજુ હતી.અમારે બહાર જવાનુ હોય તો દાદીમાને કંપની આપવા તે કોઈ બહાનુ કાઢી ઘરે રહેતી. પોસ્ટ ગ્રેજ્યુએટ થયા પછી જીડીએ સ્કૂલ માં પ્રોસેસ લીડર તરીકે જોબ મળી. જે લગ્ન પછી પણ ચાલુ છે.

પહેલા હું તેને સ્કૂટર પર બહાર લઈ જતી.પછી તેણે મને સ્કૂટી પર લઈ જવાનુ ચાલુ કર્યુ.તેના લગ્નના આગલા દિવસે મારી તબિયત નહોતી સારી ત્યારે તે મને ડોકટર પાસે લઈ ગયેલી.
તેણે મારી મોટાભાગની જવાબદારી ઉપાડી લીધી હતી.

બદલાતા સમાજની વાત કરીએ તો હવે તે જ દીકરી મને મારામાં આત્મવિશ્વાસ ઉભો કરવા માટે સલાહ આપે છે.મારી મનગમતી પ્રવૃતિ ચાલુ રાખવા આગ્રહ કરે છે.મારામાં હકારાત્મક વલણ અપનાવતા તેણે જ શીખવાડ્યુ.

મારી દરેક મુંઝવણનો જવાબ તેની પાસે હોય છે.
દીકરી માની નાનપણથીજ માની સહેલી બની જતી હોય છે.
હિંચકા પર બેસી વાતો કરવી,શોપીંગ કરવા જવુ,માથામાં તેલ નાખવુ, આ બધો સમય મા-દીકરીની અંગત પળો હોય છે.
હવે બદલાતા સમાજમાં દીકરી તેની કેરીઅર સાથે સાથે સાસરી અને પિયર સાથેના સંબંધો પણ ખુબીથી નિભાવે છે.

તેના લગ્ન થયા અને વિદાય વખતે મને એવી લાગણી થઈ કે 'હું મારી દીકરીને વિદાય નથી આપતી પરંતુ મારા શરીરનુ એક અંગ વીખુટુ પડી રહ્યુ છે.

તેના ગયા પછી તેનો ઓરડો સુનકાર ભાસે છે.તેના રૂમની પ્રત્યેક વસ્તુને સ્પર્શ કરીને તેને મળ્યાનો અહેસાસ અનુભવુ છુ.

" મહેંદી મુકી ચાલ્યુ આ ઘરનુ અજવાળુ
શૈશવના સપનામાં જોયેલી પરી
સદેહે અવતરી થઈ દીકરી."

પન્ના પાઠક.વડોદરા
★★★★★★★

**NOG SS NO : 003**
વિષય : દીકરી અને બદલાતો સમાજ
શીર્ષક : દીકરી — સંઘર્ષમાંથી સશક્તિકરણ તરફ
પ્રકાર : ગદ્ય શબ્દો : ૨૪૮

સમાજના આકાશમાં દીકરી એક એવી કિરણ છે, જે સમય સાથે વધુ તેજસ્વી બનતી જાય છે. એક સમય હતો જ્યારે દીકરીનો જન્મ મૌનથી સ્વીકારાતો, આજે એ જ દીકરી આશા અને આત્મવિશ્વાસનું પ્રતીક બની છે. બદલાતો સમાજ દીકરીને નવા અવસર આપે છે, પરંતુ સાથે સાથે અનેક પડકારો પણ તેના માર્ગમાં ઉભા કરે છે. આ પરિવર્તનના સફરમાં હકારાત્મકતા અને નકારાત્મકતા બંનેનું સહઅસ્તિત્વ જોવા મળે છે.
હકારાત્મક પાસું
આજના સમાજમાં દીકરી શિક્ષણ, કારકિર્દી અને સ્વનિર્ભરતાના ક્ષેત્રોમાં નોંધપાત્ર પ્રગતિ કરી રહી છે. તે હવે માત્ર ઘર સુધી સીમિત નથી, પરંતુ વિજ્ઞાન, સાહિત્ય, રમતગમત અને વહીવટમાં પોતાની ઓળખ સ્થાપિત કરી રહી છે. માતા-પિતા દીકરીને સમાન અધિકારો આપવાની દિશામાં આગળ વધી રહ્યા છે. દીકરી હવે પોતાના સપનાઓને શબ્દો આપે છે, આત્મવિશ્વાસથી નિર્ણયો લે છે અને સમાજના વિકાસમાં સક્રિય ભાગ ભજવે છે. આ બદલાવ સમાજને વધુ સંવેદનશીલ અને સમતાવાદી બનાવે છે.
નકારાત્મક પાસું
પરંતુ આ ઉજાસની સાથે કેટલાક પડછાયાઓ પણ છે. આજેય ઘણા સ્થળોએ દીકરીને ભેદભાવ, અસુરક્ષા અને માનસિક દબાણનો સામનો કરવો પડે છે. પરંપરાગત વિચારધારાઓ, ખોટી સામાજિક માન્યતાઓ અને અસમાનતા તેના વિકાસને અવરોધે છે. સફળ થવાની અપેક્ષા અને સામાજિક બંધનો વચ્ચે દીકરી ઘણીવાર આંતરિક સંઘર્ષ અનુભવે છે. બદલાતો સમાજ હજી પૂરતો બદલાયો નથી—આ હકીકત દીકરીના માર્ગને કઠિન બનાવે છે.

છતાં પણ દીકરી હાર માનતી નથી. તે દરેક પડકારને હિંમતથી સ્વીકારી આગળ વધે છે. સમાજ જો હકારાત્મક બદલાવને મજબૂત કરે અને નકારાત્મક વિચારોને દૂર કરે, તો દીકરી માત્ર પોતાનું નહીં, પરંતુ સમગ્ર સમાજનું ભવિષ્ય ઉજ્જવળ બનાવી શકે. દીકરી એટલે પરિવર્તનની શક્તિ—જે પ્રકાશ બનીને અંધારાને હળવે હળવે દૂર કરે છે.

મીનાક્ષી રાવલ - સત્ય ની આંખે (ગાંધીનગર)
★★★★★★★

**NOG SS 321**
વિષય. દીકરી અને બદલાતો સમાજ
પ્રકાર . ગદ્ય. શબ્દ ૨૨૯
શીર્ષક. દીકરી એટલે ગર્વ

દીકરી અને બદલાતો સમાજ
અત્યારે જો સમાજ તરફ નજર કરીએ તો સ્પષ્ટ રીતે કહી શકાય કે એક સમય હતો જ્યારે દીકરીને ''સાપનો ભારો'' માનવામાં આવતી. જન્મ પહેલાં જ તેની હાજરીને અભિશાપ સમજી લેવામાં આવતી, અને જન્મ પછી આખું જીવન તેને બોજ સમાન જીવું પડતું. દીકરી એટલે પારકું ધન, દીકરી એટલે ખર્ચ, દીકરી એટલે જવાબદારી ,આવા વિચારોમાં જ તે મોટી થતી.
પણ સમય બદલાયો છેપ અને સાથે બદલાઈ છે વિચારસરણી પણ. આજે એ જ દીકરી સમાજના દરેક ક્ષેત્રમાં પોતાની ઓળખ બનાવી રહી છે. શિક્ષણથી લઈને વ્યવસાય સુધી, રાજકારણથી લઈને રમતગમત સુધી, દરેક જગ્યાએ દીકરી પોતાનું અસ્તિત્વ સાબિત કરી રહી છે. આજે દીકરી માત્ર ઘરની શોભા નથી, પરંતુ ઘરનું ગૌરવ બની ગઈ છે.
જે દીકરીને ક્યારેક પારકી માનવામાં આવતી, આજે એ જ દીકરી માતા-પિતાનો આધાર બની છે. વૃદ્ધાવસ્થામાં દીકરા જેટલી જ દીકરી પણ સંભાળ રાખે છે. સંબંધો હવે લોહીથી નહીં, લાગણીથી માપવામાં આવે છે , અને એ બદલાવ નું શ્રેય દીકરીને જ જાય છે.
આજની દીકરી સ્વપ્ન જોવાની હિંમત રાખે છે, નિર્ણય લેવાની ક્ષમતા ધરાવે છે અને પોતાના હક્ક માટે અવાજ ઉઠાવે છે. સમાજ પણ ધીમે ધીમે સ્વીકારી રહ્યો છે કે દીકરી કોઈ બોજ નથી, પરંતુ ઘરનું ઉજાસ છે.
હા, હજુ પણ
કેટલીક જગ્યાએ વિચારધારાની અંધકાર છે, પણ બદલાવની સવાર શરૂ થઈ ચૂકી છે. જ્યાં દીકરીને સમાન તક મળે છે, ત્યાં આખો સમાજ પ્રગતિ કરે છે.
આથી કહી શકાય કે દીકરી હવે માત્ર ઘરની નહીં, પરંતુ સમાજની પણ શાન બની ગઈ છે.
સુચિતા રાવલ , ગાંધીનગર

# જન સંવાદ -પરિવર્તન નો શંખનાદ




નાનાવાડા તાલુકા પંચાયત સીટ મિટિંગ નું આજ રોજ રીંછવાડ મુકામે આયોજન કરવામાં આવ્યું. આ મિટિંગ માં માલપુર બાયડ ના પૂર્વ ધારાસભ્યશ્રી જશુભાઈ પટેલ, અરવલ્લી જિલ્લા કોંગ્રેસ પ્રમુખ અરુણભાઈ પટેલ,અરવલ્લી જિલ્લા કોંગ્રેસ પ્રભારી,માલપુર તાલુકા કોંગ્રેસ પ્રમુખ ભાથીભાઈ ખાંટ, માલપુર તાલુકા ના પૂર્વ પ્રમુખ મંગળદાસ પણુંચા, અરવલ્લી જિલ્લા યુથ કોંગ્રેસ ના પૂર્વ પ્રમુખ નિશ્ચલભાઈ પટેલ જન સંવાદ પરિવર્તન શંખનાદ ની મિટિંગ નું આયોજન કરવામાં આવ્યું.

નાનાવાડા તાલુકા પંચાયત સીટ ના ગ્રામજનો રીંછવાડ મુકામે ખૂબ મોટી સંખ્યા માં હાજર રહી અત્યાર સુધી થતી સમસ્યા ની રજુવાત કરવામાં આવી. સત્તાધારી પક્ષ દ્વારા ગુજરાત ની પ્રજા જે હાલાકી થઇ રહી છે તેની રજુવાત કરવામાં આવી.

સાતરડા તાલુકા પંચાયત સીટ મિટિંગ નું આજ રોજ ટીસ્કી મુકામે આયોજન કરવામાં આવ્યું. આ મિટિંગ માં માલપુર બાયડ ના પૂર્વ ધારાસભ્યશ્રી જશુભાઈ પટેલ, અરવલ્લી જિલ્લા કોંગ્રેસ પ્રમુખ અરુણભાઈ પટેલ,અરવલ્લી જિલ્લા કોંગ્રેસ પ્રભારી,માલપુર તાલુકા કોંગ્રેસ પ્રમુખ ભાથીભાઈ ખાંટ, માલપુર તાલુકા ના પૂર્વ પ્રમુખ મંગળદાસ પણુંચા, અરવલ્લી જિલ્લા યુથ કોંગ્રેસ ના પૂર્વ પ્રમુખ નિશ્ચલભાઈ પટેલ જન સંવાદ પરિવર્તન શંખનાદ ની મિટિંગ નું આયોજન કરવામાં આવ્યું.

સાતરડા તાલુકા પંચાયત સીટ ના ગ્રામજનો ટીસ્કી મુકામે ખૂબ મોટી સંખ્યા માં હાજર રહી અત્યાર સુધી થતી સમસ્યા ની રજુવાત કરવામાં આવી. સત્તાધારી પક્ષ દ્વારા ગુજરાત ની પ્રજા જે હાલાકી થઇ રહી છે તેની રજુવાત કરવામાં આવી.

# ગુજરાત વિધાનસભા નાયબ મુખ્ય દંડક શ્રી વિજયભાઇ પટેલની ઉપસ્થિતિમાં આહવા ડુંગરી ફળિયા રોડનું ખાતમુહર્ત કરાયું

આહવાઃ તાઃ ૨ઃ ગુજરાત રાજયના મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ આજરોજ ગુજરાત વિધાનસભા નાયબ મુખ્ય દંડકશ્રી વ ડાંગના ધારાસભ્ય શ્રી વિજયભાઈ પટેલ તેમજ ડાંગ જિલ્લા પંચાયત બાંધકામ સમિતિના અધ્યક્ષ શ્રી ચંદરભાઈ ગાવિત સહિતના મહાનુભાવોની ઉપસ્થિતિમાં મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના વર્ષ ૨૦૨૫-૨૬ હેઠળ રીસર્ફેસીંગ/મજબુતીકરણ માટે મંજુર થયેલ આહવા મેઈન રોડ થી ડુંગરી ફળિયા રોડ જે નોનપ્લાન ડામર, લંબાઈ એક કી.મી જેની અંદાજીત રકમ રૂપિયા ૩૭ લાખના ખર્ચે નિર્માણ થનાર રોડનું ખાતમુહર્ત કરીને કામગીરી શરૂ કરવામાં આવી હતી. ડાંગ જિલ્લાના માર્ગ વિકાસને વધુ ગતિ



આપવા અને સુવિધાયુક્ત માર્ગ વ્યવસ્થા ઉભી કરવા માટે રાજય સરકારના માર્ગદર્શન હેઠળ પંચાયત માર્ગ અને મકાન વિભાગ આહવા દ્વારા પંચાયતના માર્ગોના નવિનીકરણથી દિન-પ્રતિદિન અવર-જવર કરતા સ્થાનિક નાગરિકો, ખેડૂતો, વિધાર્થીઓ તેમજ વાહનચાલકોને વધુ સુવિધાજનક, સુરક્ષિત અને આરામદાયક માર્ગ સુવિધા પ્રાપ્ત થશે.

# શ્રી વી. એમ.સાકરિયા મહિલા આર્ટ્સ કૉલેજ, બોટાદમાં વક્તૃત્વ અને નિબંધ સ્પર્ધા યોજાઈ

સરદાર વલ્લભભાઈ પટેલ એજયુ. ઍન્ડ ચેરિ. ટ્રસ્ટ બોટાદની સ્થાપનાની ૫૦ વર્ષ તેમજ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતી ઉજવણી નિમિત્તે સરદાર વલ્લભભાઈ પટેલ એજયુ. ઍન્ડ ચેરિ. ટ્રસ્ટ સંચાલિત અત્રેની આર્ટ્સ કોલેજમાં 'સરદાર વલ્લભભાઈ પટેલ'ને કેન્દ્રમાં રાખીને તા. ૩૧/૧૨/ ૨૦૨૫ બુધવારના રોજ નિબંધ સ્પર્ધા યોજવામાં આવી હતી. તેમજ તા. ૦૧/૦૧/૨૦૨૬ના રોજ વક્તૃત્વ સ્પર્ધા યોજવામાં આવી હતી. નિબંધ સ્પર્ધામાં કુલ ૨૮ વિદ્યાર્થિનીએ ભાગીદારી નોંધાવી હતી. વક્તૃત્વ સ્પર્ધામાં કુલ ૯ વિદ્યાર્થિનીએ ભાગ લીધો હતો. બન્ને સ્પર્ધામાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા. વક્તૃત્વ સ્પર્ધામાં નિર્ણાયક તરીકે ડૉ. જે. કે. ભટ્ટ તેમજ પ્રા. કે. જે. જોશીએ સેવા આપી હતી. નિબંધ સ્પર્ધાના નિર્ણાયક તરીકે ડૉ. વિપુલ કાળિયાણિયા અને ડૉ. જગદીશ ખાંડરાએ સેવા આપી હતી. કાર્યક્રમનું સંચાલન ડૉ. જગદીશ ખાંડરાએ સંભાળ્યું હતું. સમગ્ર કાર્યક્રમ કૉલેજના ઈ. આચાર્ય ડૉ. કે. બી. મુંજપરાસાહેબના માર્ગદર્શન હેઠળ યોજાયો હતો.

# મુખ્ય મંત્રીશ્રીના હસ્તે હેલ્પર તરીકે નિમણૂક પત્ર મેળવનાર મહેસાણાના કુમારી સુરભી હર્ષદકુમાર ડભાડકર

એસ.ટી નિગમના ૩૦૮૪ ડ્રાઈવર તથા ૧૬૫૮ હેલ્પર કક્ષાના ઉમેદવારોને મુખ્યમંત્રીશ્રીની ઉપસ્થિતિમાં નિમણૂક પત્ર એનાયત કરવામાં આવ્યા છે. ત્યારે મુખ્ય મંત્રીશ્રીના હસ્તે હેલ્પર તરીકે નિમણૂક પત્ર મેળવનાર મહેસાણાના કુમારી સુરભી હર્ષદકુમાર ડભાડકર જણાવે છે કે,"આજથી તેમની રાજ્ય સરકારના કર્મચારી તરીકે એક નવી ઓળખ મળી છે.સો ટકા પારદર્શક ભરતી પ્રક્રિયા દ્વારા તેઓ આજે ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ થકી રાજ્યના કર્મચારી પરિવારનો એક હિસ્સો બની રહ્યા છે, ત્યારે ખુદ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે તથા નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષ સંઘવીની ઉપસ્થિતિમાં તેમને સૌને આ






સદભાગ્ય પ્રાપ્ત થયું છે,તેને સુરભી બહેને યાદગાર ક્ષણ ગણાવી હતી.
આ સાથે જ સુરભી બહેને ભાવુકતા સાથે જણાવ્યું હતું કે,"જે વિશ્વાસથી સરકારે અમને આ કામગીરી માટે પસંદ કર્યા છે,તે પુરી નિષ્ઠાથી અને સરકારના વિશ્વાસ પર ખરા ઉતરી શકીએ તે રીતે નિભાવીશુ.સાથેજ નાગરિકોની સુવિધા, સલામતી અને વિશ્વાસ પણ અમારા કામ સાથે જોડાયેલો છે, માટે હંમેશા પોતાની ફરજ નિષ્ઠાથી પૂર્ણ કરીશું."ઉપરાંત એક મહિલા તરીકે હેલ્પરની નિમણૂકને તેમણે આવકારતા ઉમેર્યું હતું કે,તેમનો પરિવાર પણ તેમના આ નિર્ણયથી ખુશ છે.અને જો એક મહિલા વિમાન ચાલક તરીકે સફળ હોઈ શકે તો હેલ્પર તરીકે સફળ કેમ નહીં.

## ગુજરાત હાઈકોર્ટ બાર એસોસિએશનની ચૂંટણીમાં સેવાળાના યુવા એડવોકેટ વિરાજ દેસાઈની ઐતિહાસિક




ગુજરાત હાઈકોર્ટના ઈતિહાસમાં એક નવો અધ્યાય ઉમેરાયો છે. હાલમાં જ યોજાયેલી ગુજરાત હાઈકોર્ટ બાર એસોસિએશન (GHAA) ની ચૂંટણીમાં કારોબારી સભ્ય (Executive Member) તરીકે શ્રી વિરાજ હરગોવિંદભાઈ દેસાઈ એ ભવ્ય વિજય મેળવ્યો છે.

ગુજરાત હાઈકોર્ટની સ્થાપના બાદ અત્યાર સુધીના ઈતિહાસમાં પ્રથમ વખત રબારી સમાજના કોઈ યુવા પ્રતિનિધિ આ પદ પર ચૂંટાઈ આવ્યા છે. મૂળ ચાણસ્મા તાલુકાના સેવાળા ગામના વતની વિરાજ દેસાઈ આ પદ મેળવનાર સૌથી નાની વયના સભ્ય બનીને એક વિશિષ્ટ રેકોર્ડ સ્થાપિત કર્યો છે.

વિરાજ દેસાઈની આ જીતથી માત્ર તેમના પરિવારમાં જ નહીં, પરંતુ સમગ્ર ગુજરાતના રબારી સમાજમાં ખુશી અને ગૌરવની લહેર જોવા મળી છે. એક નાનકડા ગામમાંથી આવીને હાઈકોર્ટ સ્તરે વકીલોના પ્રતિનિધિ તરીકે સ્થાન મેળવવું એ યુવા પેઢી માટે પ્રેરણારૂપ છે.

આ ભવ્ય સફળતા બદલ વિવિધ સમાજના અગ્રણીઓ, રાજકીય નેતાઓ, અને કાયદા ક્ષેત્રના દિગ્ગજો દ્વારા તેમને ટેલિફોનિક તથા રૂબરૂ મળીને હાર્દિક શુભેચ્છાઓ પાઠવવામાં આવી રહી છે. સૌએ આશા વ્યક્ત કરી છે કે વિરાજ દેસાઈ આગામી સમયમાં વકીલોના પ્રશ્નો અને સમાજ ઉત્થાન માટે ઉત્કૃષ્ટ કાર્ય કરશે.

### યુવતીના પૂર્વ મંગેતર સામે પોલીસ ફરિયાદ

## પ્રેમ લગ્ન કરનાર વેપારી, તેની પત્ની તથા પુત્રને પતાવી દેવાની ધમકી

**મોબાઈલ ફોનમાં ત્રણેયને પતાવી દેવાની ધમકી આપી હોવાથી મામલો પોલીસ મથકમાં લઈ જવાયો હતો**

જામનગર,

જામનગરમાં દિગ્વિજય પ્લોટ શેરી નંબર ૪૭ માં રહેતા અને ભંગારનો વેપાર કરતા પુનિત દિવાનભાઈ થધાણી નામના ૨૬ વર્ષના વેપારી યુવાને પોતાને તેમજ પોતાની પત્ની અને દોઢ મહિનાના બાળકને પતાવી દેવાની ધમકી આપવા અંગે ધ્રોલના ગાયત્રી નગરમાં રહેતા અનિરુદ્ધસિંહ ગંભીરસિંહ જાડેજા સામે પોલીસ ફરિયાદ નોંધાવી છે.

ફરિયાદી પુનિત કે જેણે આજથી એક વર્ષ પહેલાં એક યુવતી સાથે પ્રેમ લગ્ન કર્યા હતા, જેના થકી દોઢ મહિનાનું બાળક થયું છે, જે ને લઈને તળાવની પાળે બાલા હનુમાન મંદિરે દર્શન કરવા જઈ રહ્યા હતા, જે દરમિયાન આરોપી અનિરુદ્ધસિંહ જાડેજા કે જેની અગાઉ વેપારી યુવાનની પત્ની સાથે સગાઈ થઈ હતી, પરંતુ તેણીને તે સગાઈ પસંદ ન હતી, અને સીંધી વેપારી પુનિત સાથે પ્રેમલગ્ન કરી





લીધા હોવાથી અનિરુદ્ધસિંહ જાડેજા ઉશ્કેરાયો હતો, અને મોબાઈલ ફોનમાં ત્રણેયને પતાવી દેવાની ધમકી આપી હોવાથી મામલો પોલીસ મથકમાં લઈ જવાયો હતો. જેથી પોલીસે અનિરૂધ્ધસિંહ જાડેજા સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં વિકાસ, વિશ્વાસ અને વિઝન સાથે નવા વર્ષની વિકાસ ભરી શરૂઆત: વિરમગામ વિધાનસભા વિસ્તારમાં વિવિધ પ્રકલ્પોના ખાતમુહૂર્ત સંપન્ન

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ૨૦૨૬ના વર્ષના પ્રથમ દિવસે વિરમગામ વિધાનસભા મત વિસ્તારના રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, રેલ્વે, ઓવરબ્રીજ સહિતના ૪૯૭ કરોડ રૂપિયાના વિકાસ કામોના ખાતમુહૂર્ત સંપન્ન કર્યા હતા. મુખ્યમંત્રીશ્રી આ અવસરે જન મેદનીને સંબોધતા કહ્યું કે, એક સમયે ટાંચા સંસાધનો, વરસાદ આધારિત ખેતી, રોજગારી માટે યુવાઓનું સ્થળાંતર જેવી વિકટ સ્થિતી ધરાવતો માંડલ-બેચરાજી-વિરમગામ વિસ્તાર આજે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વિકાસ વિઝનથી એસ.આઇ.આર. અને ઓટો હબ બની ગયો છે.


આ સંદર્ભમાં શ્રી ભૂપેન્દ્ર પટેલે ઉમેર્યું કે, છેવાડાના માનવીના હિતનો સંકલ્પ અને સૌના સાથ, સૌના વિકાસ, સૌના વિશ્વાસ અને સૌના પ્રયાસના મંત્રથી વિકાસની ચરમ સીમાનું ઉદાહરણ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની વિઝનરી લીડરશીપે પૂરું પાડ્યું છે.

તેમણે કહ્યું કે, વિકાસની રાજનીતિનો જે અભિગમ વડાપ્રધાનશ્રીએ અપનાવ્યો છે તેને હવે તો સૌ સ્વીકારતા થયા છે અને બિહારની તાજેતરની ચૂંટણીના પરિણામો તેનો આદર્શ દાખલો છે.

મુખ્યમંત્રીશ્રીએ એમ પણ જણાવ્યું કે, ગુજરાતમાં પાછલા અઢી દાયકા કરતાં વધુ સમયથી શ્રી નરેન્દ્રભાઈના દિશાદર્શનમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર કનેક્ટિવિટી સહિતના જે વિકાસ કામો ડબલ એન્જિન સરકારની સ્પીડથી થયા છે તેનાથી ગુજરાત દેશના વિકાસનું ગ્રોથ એન્જિન બન્યું છે.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યુ કે, કનેક્ટિવિટી સુદૃઢ બનાવવા માટે રોડ રેલવે સહિતના અનેક કામો વિરમગામ-માંડલ વિસ્તારમાં થયા છે. છેલ્લા ત્રણ વર્ષમાં જ માંડલ-બેચરાજી જૈંઇને જોડતા રોડ, રસ્તા અને બ્રીજના ?૪૮૮ કરોડના કામો પૂર્ણ કર્યા છે. જૈંઇ સાથે જોડાતા ધોરીમાર્ગો, પરિવહન માળખાના વિકાસ અને ફોરલેન રોડ તથા રેલવે ઓવરબ્રિજના લીધે આ વિસ્તારના વિકાસને નવી દિશા અને નવી ગતિ મળશે. રેલવે ઓવરબ્રિજનું નિર્માણ થવાથી કોકતા ફાટક પર વર્ષોથી ચાલતી ટ્રાફિકની સમસ્યાનો અંત આવશે, જેનાથી આશરે ૧ લાખ નાગરિકોના સમય અને ઈંધણની બચત થશે.

દેશમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને કનેક્ટિવિટી પ્રોજેક્ટ્સની ગતિ વિશે વાત કરતા મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે,વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં ભારતમાલા પ્રોજેક્ટ હેઠળ વિવિધ એક્સપ્રેસ વે, કોરિડોર અને વ્યૂહાત્મક પુલ, ટનલના કાર્યો પૂર્ણ થયા છે. ૨૦૧૪ પહેલા રોજના ૧૨ કિમી હાઈવે બનતા હતા, તેની સામે આજે રોજ ૩૪ કિમી હાઈવે બની રહ્યા છે. રાજ્ય સરકારે પણ નમો શક્તિ એક્સપ્રેસ-વે અને ૧૧૫૫ કિલોમીટરના ૧૨ જેટલા ગરવી ગુજરાત હાઈસ્પીડ કોરિડોર માટે ?૧૦,૦૦૦ કરોડની ફાળવણી કરી છે તેની ભુમિકા તેમણે આપી હતી.



મુખ્યમંત્રીશ્રીએ આ અવસરે નાગરિકોને અપીલ કરી હતી કે, જ્યારે આટલો મોટો ઔદ્યોગિક વિકાસ થઈ રહ્યો હોય ત્યારે આપણે સૌએ સ્વચ્છતા પર વિશેષ ભાર મૂકવો જોઈએ અને સ્વચ્છતા લોકોનો સહજ સ્વભાવ બનવો જોઈએ.આ પ્રસંગે વિરમગામના ધારાસભ્યશ્રી હાર્દિક પટેલે જણાવ્યું હતું કે મુખ્યમંત્રીશ્રી દ્વારા આજે અનેક વિકાસ કાર્યોના ખાતમુર્હુત થયા છે, જેનો લાભ સ્થાનિક વિસ્તાર સહિત શંખેશ્વર,બેચરાજીના શ્રદ્ધાળુઓને ફાયદો થવાનો છે,તેમણે ઉમેર્યું હતું કે છેલ્લા ત્રણ વર્ષમાં વિરમગામ વિધાનસભા વિસ્તારમાં ?૨૫૦૦ કરોડથી વધુ વિકાસના કામો મળ્યા છે.દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં વિકાસથી કોઈ વંચિત ન રહી જાય તેની ચિંતા સરકાર દ્વારા કરાઈ છે,તેમ જણાવીને ધારાસભ્યશ્રીએ વિસ્તારના સમગ્રતયા વિકાસ માટે મુખ્યમંત્રીશ્રીનો આભાર વ્યક્ત કર્યો હતો

સુપોષિત ગુજરાત અભિયાન અંતર્ગત મુખ્યમંત્રીશ્રીના હસ્તે આંગણવાડી કાર્યકરોને મિલેટ બાસ્કેટ આપવામાં આવી હતી. આ પ્રસંગે માર્ગ અને મકાન વિભાગના મુખ્ય ઈજનેરશ્રીએ સ્વાગત પ્રવચન કરતા સૌને આવકાર્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે સંપન્ન થયેલા વિરમગામ વિધાનસભા વિસ્તારના વિવિધ વિકાસ પ્રકલ્પોના ખાતમુહૂર્તમાં વિરમગામ નગરપાલિકાથી માંડલ-દસાડા રોડનું ?૨૮૫ કરોડનું કામ, વિરમગામ શહેરના રૈયાપુર ઓવરબ્રિજનું ?૯૧ કરોડનું કામ, માંડલ તાલુકાના વિઠ્ઠલાપુરથી દેત્રોજ-કડી રોડના રિસર્ફેસિંગનું ?૫૫ કરોડનું કામ, વિરમગામ તાલુકાના થોરી મુબારકથી લીયા-વાંસવા રોડનું ?૩૯ કરોડનું કામ, કરકથલ-હાંસલપુર રોડનું ?૧૨ કરોડનું કામ, દેત્રોજ નવા સર્કિટ હાઉસનું ?૫ કરોડનું કામ, વિરમગામ નવા સર્કિટ હાઉસનું ?૫ કરોડનું કામ, દેત્રોજ સબ રજિસ્ટ્રાર કચેરીનું ?૨.૪૫ કરોડનું કામ તેમજ વિરમગામ તાલુકાના સચાણા બાયપાસ રોડના ?૩ કરોડના કામો સહિત વિવિધ વિકાસ કાર્યોનો સમાવેશ થાય છે.

આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રી કંચનબા વાઘેલા,જિલ્લા કલેક્ટર શ્રી સુજિત કુમાર, જિલ્લા વિકાસ અધિકારી શ્રી વિદેહ ખરે, જિલ્લા પોલીસ અધિક્ષક ઓમ પ્રકાશ જાટ,અગ્રણી શ્રી શૈલેષભાઈ દાવડા, માર્ગ અને મકાન વિભાગના મુખ્ય ઈજનેર અને સ્પેશિયલ સેક્રેટરી શ્રી જે. એ. ગાંધી, તાલુકા પંચાયત પ્રમુખશ્રીઓ, વિરમગામ નગરપાલિકા પ્રમુખશ્રી, પાલિકાના અને તાલુકા પંચાયતના સભ્યશ્રીઓ, પૂર્વ ધારાસભ્યશ્રીઓ, સામાજિક અને રાજકીય અગ્રણીઓ તેમજ મોટી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

## ગાંધીનગર જિલ્લા કલેક્ટરશ્રી મેહુલ કે.દવે દ્વારા દહેગામ તાલુકાના જનસેવા કેન્દ્ર અને હરખજીના મુવાડા ખાતે મુલાકાત લેવામાં આવી

મહાત્મા ગાંધીજીએ કહ્યું છે કે, "સાચું ભારત દેશના ગામડાઓમાં વસે છે અને ધબકે છે?." ત્યારે વર્તમાન સમયમાં સરકાર આપણા ભારતના આજ અંતરિયાળ નાનકડા ગામડાઓ સુધી, જરુરત મંદોના ઘર આંગણે વિવિધ યોજનાઓની લ્હાણી અને સુવિધાઓ થકી ઉત્તમ જીવન આપવા માટે પહોંચી છે.કારણ કે, આપણા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સાથે આપણે સૌએ વિકસિત ભારત-૨૦૪૭નું સ્વપ્ન જોયું છે, તે પરિપૂર્ણ કરવા દેશના નાનામાં નાના ગામડાઓમાં વસતા નાગરિકોનો વિકાસ જરુરી છે.

ત્યારે જિલ્લા કલેકટરશ્રી ગાંધીનગર મેહુલ કે.દવે દ્વારા આપણા ગાંધીનગર જિલ્લાના વિવિધ તાલુકાઓના નાનકડા ગામડાઓમાં રૂબરૂ મુલાકાત કરી, ગ્રામજનો સાથે સંવાદ દ્વારા સરકારની સેવાઓ જરુરત મંદો સુધી પહોંચે છે,તેની દેખરેખ રાખી રહ્યા છે.દરેક ગામમાં કલેકટરશ્રી એક જ સંદેશ સાથે કર્મચારીઓનો ઉત્સાહ વધારતા કહેતા રહે છે કે,"આપણે ભારતને ગામડાઓમાં જીવંત અને ધબકતું રાખવાનું છે, પણ વિકાસ ની હેલી સાથે, જરુરત મંદોના જીવનમાં યોજનાઓથી પ્રકાશ પાથરીને,અને આ પ્રકાશ ફેલાવવા માટે સરકારના સહાયક બની આપણે સૌએ આ વિકસિત ભારતની સફરમાં



સહભાગી બનવાનું છે."

જે અન્વયે જીલ્લા કલેકટરશ્રી ગાંધીનગર દ્વારા તા.૦૨/૦૧/૨૦૨૬ ના રોજ દહેગામ તાલુકા સેવા સદનમાં આવેલ નવીન આધુનિક જનસેવા કેન્દ્રની મુલાકાત લેવામાં આવી ?હતી.તે દરમિયાન જનસેવા કેન્દ્રમાં આધાર કાર્ડ, એટીવીટી શાખામાં અરજદારશ્રીઓના પ્રતિભાવ મેળવ્યા બાદ,નવીન જનસેવા કેન્દ્ર બાબતે
હકારાત્મક મંતવ્યો આપી,સેવા સદન ખાતે આવેલ સબ-રજીસ્ટ્રાર કચેરીની મુલાકાત લીધી હતી.

Printer/publisher/0wner & Editor:Pradip.A.Raval Printed at Jay Graphics & Printers,C15, Vikram Chambers,Income Tax.Ashram Road.Ahmedabad-380009.Published At : Plot No:581/1,Sector-7 B.Gandhinagar - 382007.Gujarat